મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

૨૪-૦૫-૨૦૨૫
શનિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૪૦
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## દેશના સૌથી લાંબા અને રાજયના પ્રથમ ધરોઈ એડવેન્ચર ફેસ્ટનો મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે શુભારંભ

# ૪૫ દિવસ સુધી એડવેન્ચર ફેસ્ટ યોજાશે! પાવર બોટ, પેરાસેઈલીંગ રોક ફલાઈમિંગ, બોલ્ડ રીંગ સહિતની એડવેન્ચર એકટીવીટી

**જલ-થલ-નભ ત્રણેયના રોમાંચક અનુભવો સાથેની ૧૦થી વધુ એક્ટિવિટીઝ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દેશના સૌથી લાંબા અને રાજ્યના પ્રથમ એડવેન્ચર ફેસ્ટને બનાવશે પ્રવાસીઓની પસંદ**

**ઉત્તર ગુજરાતનાં અંબાજી-તારંગા-વડનગર-પોળો ફોરેસ્ટ સહિતના પ્રવાસન સ્થળો અને યાત્રાધામોના વિકાસ દ્વારા ટુરિઝમ સર્કિટ વિકસાવવાનું ભવિષ્યલક્ષી આયોજન**

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથીધરોઈ ડેમ વિસ્તારને વર્લ્ડ કલાસ સસ્ટેઈનેબલ ટુરિઝમ – પિલગ્રિમેજ ડેસ્ટિનેશન તરીકે વિકસવવાની દિશાનું કદમ "એડવેન્ચર ફેસ્ટ" બનશે**








(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા અને સાબરકાંઠાની સરહદ પર આવેલા પ્રસિદ્ધ ધરોઈ ડેમ ખાતે દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ એવા 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'નો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ એડવેન્ચર ઝોનનું ઉદઘાટન કર્યુ હતું અને સ્પીડ બોટ રાઈડનો આનંદ પણ માણ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરા અને મહાનુભાવો સાથે એડવેન્ચર ઍક્ટિવિટી સ્થળની મુલાકાત લઈને પેરા મોટરીંગ સહિતની રાઈડસ પણ નિહાળી હતી અને ટેન્ટસિટીનું ઉદઘાટન કરીને તેની મુલાકાત લીધી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ધરોઈ ડેમ વિસ્તારનો વર્લ્ડ ક્લાસ સબસ્ટેનેબલ ટુરિઝમ પિલગ્રીમેજ ડેસ્ટિનેશન તરીકે વિકાસ કરવામાં આવી રહ્યો છે.

ધરોઈ ડેમ રિજીયન ડેવલપમેન્ટ સમગ્રતયા ત્રણ ફેઈઝમાં સાકાર થશે અને સ્પિરીચ્યુઅલ, એડવેન્ચર્સ, ઈકો અને રિક્રિએશનલ એક્ટિવિટીઝથી પ્રવાસન પ્રવૃત્તિને વેગ તેમજ સ્થાનિક રોજગાર અવસર સાથે વોકલ ફોર લોકલનો ધ્યેય પણ પાર પડી શકશે.

ગુજરાતના વિવિધ પ્રવાસન સ્થળની જેમ ધરોઈને પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં 'આઈકોનિક પ્લેસ' તરીકે વિકસાવવામાં આવશે. એટલું જ નહિ, પોળો ફોરેસ્ટ, તારંગા, વડનગર, અંબાજી સહિતના ઉત્તર ગુજરાતનાં પ્રવાસન સ્થળો અને યાત્રાધામોના વિકાસ દ્વારા ટુરિઝમ સર્કિટ વિકસાવવાના ભવિષ્યલક્ષી આયોજન માટે પણ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર કાર્યરત છે.

પ્રવાસન વિભાગના સચિવ શ્રી ડૉ. રાજેન્દ્ર કુમારે મીડિયા સાથે એડવેન્ચર ફેસ્ટ અંગેની વાતચીત કરતાં જણાવ્યું હતું કે, આ ધરોઈ એડવેન્ચર ફેસ્ટ અંદાજિત ૪૫ દિવસ સુધી ચાલશે અને ફેસ્ટિવલમાં લેન્ડ બેઝડ, વોટર બેઝડ, એર બેઝડ એડવેન્ચર એક્ટિવિટીઝ પ્રવાસીઓને માણવા મળશે.

પ્રવાસીઓને રહેવા માટે ધરોઈ ટેન્ટ સિટીનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં કુલ ૨૧ વિવિધ પ્રકારના ટેન્ટ તેમજ અંદાજિત ૧૦૦થી વધુ બેડની એસી ડોર્મિટરી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમ પ્રવાસન સચિવે જણાવ્યું હતું.

આ 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'ના ઉદ્ઘાટન પ્રસંગે અરવલ્લી-સાબરકાંઠાના સાંસદ શ્રી શોભનાબહેન બારૈયા, મહેસાણાના સાંસદ શ્રી હરિભાઈ પટેલ, પાટણના સાંસદ શ્રી ભરતસિંહ ડાભી, પૂર્વ મંત્રી અને ઈડરના ધારાસભ્ય શ્રી રમણલાલ વોરા, હિંમતનગરના ધારાસભ્ય શ્રી વી.ડી.ઝાલા, ખેરાલુના ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી, ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના એમ. ડી. શ્રી એસ.છાકછુઆક, સાબરકાંઠાના કલેકટર શ્રી લલિત નારાયણ સંધુ, મહેસાણાના કલેકટર શ્રી એસ.કે. પ્રજાપતિ, સાબરકાંઠાના જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરા, જિલ્લા પોલીસવડા શ્રી વિજય પટેલ, નિવાસી અધિક કલેક્ટર સુશ્રી ક્રિષ્ના વાઘેલા, સાબરકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબહેન પટેલ સહિત સામાજિક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### એડ્વેન્ચર ફેસ્ટનાં આકર્ષણો

★ જમીન, પાણી અને આકાશમાં રોમાંચક અનુભવો સાથેની ૧૦થી વધુ એક્ટિવિટીઝ ★ રહેવા માટે અતિઆધુનિક સુવિધાઓયુક્ત છઝ ટેન્ટ સહિત ૨૧ ટેન્ટ સાથેનું ટેન્ટસિટી - સાંસ્કૃતિક કાર્યક્રમો ★ પાવર બોટ અને પેરાસેઇલિંગ જેવી પાણીમાં થતી એક્ટિવિટીઝ ★ પેરામોટરિંગ, હોટ એર બલૂન જેવી એક્ટીવિટી ★ જમીન પર રોક ક્લાઈમ્બિંગ અને બોલ્ડરિંગ, ટ્રેકિંગ અને હાઈકિંગ ટ્રેલ્સ, માઉન્ટેન બાઈકિંગ, સાઈકલિંગ, કેમ્પિન્ગ જેવી પ્રવૃત્તિઓ ★ સ્ટાર ગેઝિંગ અને ખગોળશાસ્ત્ર શિબિર, નેચર વોક અને ફોટોગ્રાફી ટૂર ★ અંદાજિત ૧૦૦થી વધુ બેડની છઝ ડોર્મિટરી તેમજ જમવા માટે આધુનિક ડાઈનિંગ હોલની સુવિધાઓ ★ તાત્કાલિક આરોગ્ય સુવિધાઓ, સર્ટિફાઇડ રાઈડ, આકસ્મિક આગ સામે સુરક્ષા વ્યવસ્થાની ઉપલબ્ધતા

---

## જિલ્લાના વિવિધ ગામોમાં પ્લાસ્ટિક નાબૂદી ઝુંબેશ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી

# ખેરાલુના ડભોડા ગામે પ્લાસ્ટિકનું એકત્રીકરણ કરી પ્લાસ્ટિકના કચરાનો યોગ્ય નિકાલ થાય તે માટેની સમજ આપવામાં આવી



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસના ભાગરૂપે મહાનગરપાલિકા, નગરપાલિકા અને ગ્રામ પંચાયતો દ્વારા વિશ્વ કક્ષાએ પ્લાસ્ટિક પ્રદુષણનો અંત લાવવા માટે **"Ending Plastic Pollution Gobally"** વિષય ઉપર પ્લાસ્ટિક નાબૂદી ઝુંબેશ હાથ ધરવામાં આવશે. વન, પર્યાવરણ અને જળવાયુ મંત્રાલય ભારત સરકાર દ્વારા તા. ૨૨ મે ૨૦૨૫ થી ૫ જૂન ૨૦૨૫ સુધી પખવાડિક ઝુંબેશ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવશે. જે અંતર્ગત મહેસાણા જિલ્લાના વિવિધ ગામોમાં પ્લાસ્ટિક નાબૂદી ઝુંબેશ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

મહેસાણા જિલ્લાની વડનગર તાલુકા પંચાયત ખાતે વિશ્વ પર્યાવરણ દિવસના ભાગરૂપે મારો કચરો મારી જવાબદારી અને પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવો તેમજ કર્મચારીઓનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. ખેરાલુ તાલુકાના ડભોડા ગામે પ્લાસ્ટિકનું એકત્રીકરણ કરી અને પ્લાસ્ટિકના કચરાનો યોગ્ય નિકાલ થાય તે માટેની સમજ આપવામાં આવી હતી.

આ ઉપરાંત જિલ્લાના ઊંઝા તાલુકાના સુણોક ગામે વિશ્વ પર્યાવરણ દિવસ દરમિયાન ગામની જાહેર જગ્યાએ સફાઈ કરાવી પ્લાસ્ટિક એકત્ર કરી ગ્રામજનોને પ્લાસ્ટિક જયાં ત્યાં ના ફેંકે તેની સમજૂતી આપવામાં આવી હતી.

---

# મહેસાણામાં સમાજ સુરક્ષાના અધિકારીઓએ ૬ જેટલી દીકરીઓના બાળલગ્ન અટકાવ્યા

(ગરવી તાકાત) મહેસાણા,તા. ૨૩

મહેસાણામાં ૬ દીકરીઓના બાળલગ્ન અટકાવાયા છે. બહુચરાજીનાં ફીંચડી ગામે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની ૬ દીકરીઓના લગ્નની જાણ થતાં જ સમાજ સુરક્ષાના અધિકારીઓ એક્શનમાં આવી બાળ વિવાહ થતાં અટકાવ્યા હતા.

ભારત દેશને આઝાદ થયાને ૭ દાયકા થઈ ગયા છે. વિશ્વમાં છઠ્ઠું મોટું અર્થતંત્ર ધરાવતું અને વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં પણ આગળ વધતા દેશમાં આજે પણ અંતરિયાળ ગામડાઓમાં બાળલગ્નને અટકાવવા સરકાર જાગ્રત દેખાય છે. દીકરીઓના લગ્ન અટકાવી તેમને નર્ક જેવી યાતનાઓની પીડામાંથી પણ મુક્ત કરાય છે. બેટી બચાવો, બેટી પઢાઓ જેવા અનેક સૂત્રોનો અમલ કરવામાં આવતા છતાં ઘણી જગ્યાએ આજે પણ કાયદા-વ્યવસ્થાનો ડર રાખ્યા વિના સમાજનાં કેટલાક લોકો દીકરીઓના નાની ઉંમરે જ લગ્ન કરાવી સાસરે વળાવી દે છે. મહેસાણામાં પણ આવો જ કિસ્સો



બન્યો છે. બહુચરાજીના ફીંચડી ગામે બાળલગ્નની ઘટના સામે આવી છે. સમાજ સુરક્ષાનાં અધિકારીઓએ ૬ દીકરીઓના બાળ લગ્ન અટકાવ્યા છે. ફીંચડી ગામે ઠાકોર સમાજની ૧૮ વર્ષથી ઓછી ઉંમરની ૬ દીકરીઓના લગ્ન હતા.

સમાજ સુરક્ષા અધિકારીને જાણ થતાં જ એક્શનમાં આવ્યા હતા. એક રાજકીય આગેવાને જ તંત્રને જાણ કર્યાની માહિતી સામે આવી છે. સર્વે મુજબ જિલ્લામાં બાળ લગ્નનું પ્રમાણ ૩૨.૩૦ ટકા છે, જે ખૂબ જ ચોંકાવનારૂ છે.

---

## પાટીદાર પ્લાઝાથી પરત ફરતી વખતે એક્ટિવા ચાલકે માથાના ભાગે તલવાર મારી

# મહેસાણામાં ગાંધીનગર લિંક રોડ પર પોતાની પત્નિ સાથે વોકિંગમાં નિકળેલા પતિ પર અજાણ્યા શખ્સ દ્વારા હુમલો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

મહેસાણામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગાંધીનગર-લિંક રોડ પર એક યુવક પર તલવારથી હુમલો થયો છે. ધોબી ઘાટ રોડ પર આવેલી ધરતી ટાઉનશીપના રહેવાસી વિપુલકુમાર નટવરભાઈ પટેલ પોતાની પત્ની સાથે સાંજે ચાલવા નીકળ્યા હતા.

પાટીદાર પ્લાઝાથી પરત ફરતી વખતે એક્ટિવા પર સવાર અજાણ્યા



શખ્સે વિપુલકુમારના માથાના પાછળના ભાગે તલવાર જેવા તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. હુમલાખોર સફેદ કલરની ટોપી અને ટી-શર્ટ પહેરેલો હતો. તે સફેદ કલરનું એક્ટિવા લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. વિપુલકુમાર બીડીનો વેપાર કરે છે અને પરિવાર સાથે ધરતી ટાઉનશીપમાં રહે છે. પોલીસે ઈજાગ્રસ્ત યુવકની ફરિયાદના આધારે ગુનો નોંધી લીધો છે. હાલ પોલીસ હુમલાખોરની શોધખોળ કરી રહી છે.

---

# આગામી ૨ દિવસ સુધી ઉ.ગુ.ના ૨૬થી ૫૦% વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

ઉત્તર ગુજરાતમાં ગુરુવારે દિવસ-રાતના તાપમાનમાં ૧ ડિગ્રીનો વધારો થયો હતો. લઘુત્તમ તાપમાન ૨૯.૬ થી ૩૦ ડિગ્રીની વચ્ચે રહેતાં રાત્રી દરમિયાન ગરમ વાતાવરણ રહ્યું હતું. બીજી તરફ દિવસનું તાપમાન ૪૦.૫ ડિગ્રીની આસપાસ રહ્યું હતું. જો કે, વધુ પડતાં ભેજના કારણે ૪૯ ડિગ્રી જેવી આકરી ગરમીનો અનુભવ થયો હતો. દિવસ-રાતના વચ્ચે ૧૧ ડિગ્રીનું અંતર અને વધુ પડતાં ભેજના કારણે દિવસભર વાતાવરણ ગરમ લાહ્ય રહ્યું હતું. આગ ઓકતી ગરમી અને પરસેવે રેબઝેબ કરતાં ઉકળાટ વચ્ચે ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું હતું.આગામી ૨ દિવસ ઉત્તર ગુજરાતના ૨૬ થી ૫૦ ટકા સુધીના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. વરસાદ પૂર્વે પ્રતિ કલાકે ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે, ૬૦ કિલોમીટરના પવનના થાપટો પણ વાગી શકે છે. ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે. જ્યારે ૨૫ અને ૨૬ મેના રોજ ઉત્તર ગુજરાતના ૫૧થી ૭૫% વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ૫૦થી ૬૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની સાથે ૭૦ કિલોમીટરની ઝડપે પવનની થાપટોનો સામનો કરવો પડી શકે છે.




# એક દેશ-એક સંદેશ પર રાજકારણ

પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ઓપરેશન સિંદૂર પર પાકિસ્તાનનું સત્ય દુનિયાને જણાવવા માટે સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળો મોકલવાની રાજદ્વારી પહેલ અને આતંકવાદ પર ભારતની શૂન્ય સહિષ્ણુતા નીતિમાં પણ પક્ષીય રાજકારણ દુઃખદ છે. દુનિયાને આપવામાં આવી રહેલા 'એક દેશ-એક' સંદેશમાં આવી રાજનીતિને કોઈપણ કિંમતે ટાળવી જોઈતી હતી.

આ પહેલી વાર નથી જ્યારે આંતરરાષ્ટ્રીય મહત્વના મુદ્દા પર સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ મોકલવામાં આવી રહ્યું હોય. ૧૯૯૪માં, નરસિંહ રાવ સરકારે કાશ્મીર પર ભારતનો વલણ રજૂ કરવા માટે વિપક્ષી નેતા અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર આયોગમાં મોકલ્યું, જેમાં સલમાન ખુર્શીદ પણ હાજર હતા. ૨૦૦૮ માં મુંબઈ આતંકવાદી હુમલા પછી પણ, મનમોહન સરકારે બહુપક્ષીય પ્રતિનિધિમંડળો વિદેશ મોકલ્યા હતા. મને યાદ નથી કે રાષ્ટ્રીય હિતના કોઈ મુદ્દા પર આટલું નિમ્ન સ્તરનું પક્ષીય રાજકારણ રમાયું હોય.

વિદેશ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા પર રાજકીય સર્વસંમતિની પરંપરા રહી છે, પરંતુ વધતી જતી કડવાશ તેના પર પડછાયો પાડી રહી છે. આ કડવાશ છતાં, પહેલગામ આતંકવાદી હુમલા પછી યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં, વિપક્ષે મોદી સરકારને બદલો લેવાની કાર્યવાહી માટે સંપૂર્ણ સમર્થન આપ્યું હતું, પરંતુ તે બેઠકમાં વડા પ્રધાનની ગેરહાજરી પર પણ પ્રશ્નો ઉભા થયા હતા.

આ બેઠક સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાઈ હતી. તે દિવસે વડા પ્રધાન બિહારમાં એક જાહેર સભાને સંબોધિત કરી રહ્યા હતા, જેમાં તેમણે આતંકવાદીઓને કલ્પના કરતાં પણ ખરાબ સજાની ચેતવણી આપી હતી. સરકારે ઓપરેશન સિંદૂર અંગે સર્વપક્ષીય બેઠક પણ બોલાવી હતી. તેની અધ્યક્ષતા પણ સંરક્ષણ મંત્રીએ કરી હતી. બધા પક્ષોએ સેનાની બહાદુરીની પ્રશંસા કરી અને સરકારને પોતાનો ટેકો પુનરાવર્તિત કર્યો, પરંતુ વડા પ્રધાનની ગેરહાજરી પર પણ પ્રશ્નો ઉઠાવ્યા.

આતંકવાદના મુદ્દા પર રાજકીય સર્વસંમતિ અને પાકિસ્તાન સાથેના તણાવ વચ્ચે પણ, પક્ષના દાવપેચ દેખાતા હતા. વિપક્ષે ભાજપની તિરંગા યાત્રાને સેનાના બહાદુરીનો રાજકીય લાભ લેવાનો પ્રયાસ ગણાવ્યો અને કર્નલ સોફિયા પરના વાંધાજનક નિવેદન બદલ મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહને ઘેર્યા. આ પછી, લશ્કરી મુકાબલો બંધ કરવા અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તેનો શ્રેય લેવાના પ્રયાસ અને સંસદનું ખાસ સત્ર બોલાવવાની માંગને લઈને શાસક અને વિપક્ષી પક્ષો વચ્ચે તણાવ વધ્યો. આ તણાવ વચ્ચે, સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળોને વિદેશ મોકલવાના નિર્ણય પર રાજકારણ પણ શરૂ થયું.

જ્યારે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ સર્વપક્ષીય પ્રતિનિધિમંડળો માટે નામો માંગ્યા, ત્યારે કોંગ્રેસે થરૂરનું નામ મોકલ્યું નહીં, કદાચ તેઓ આંતરરાષ્ટ્રીય બાબતોનું શ્રેષ્ઠ જ્ઞાન ધરાવતા વ્યક્તિ હતા. સરકારે જ તેમને એક પ્રતિનિધિમંડળના નેતા બનાવ્યા. થરૂરે તેને સન્માન ગણાવ્યું. એવું લાગે છે કે રિજિજુ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી સાથે વાત કરી રહ્યા હતા તે પહેલાં જ તેમણે થરૂરને આ ઓફર કરી દીધી હતી. થરૂરની ભૂતપૂર્વ પોસ્ટમાં આનો સંકેત મળ્યો. સાત પ્રતિનિધિમંડળોમાં સમાવિષ્ટ કોંગ્રેસના નેતાઓમાંથી, પાર્ટી દ્વારા સરકારને મોકલવામાં આવેલા નામોમાં ફક્ત ભૂતપૂર્વ મંત્રી આનંદ શર્માનું નામ હતું. બાકીના ચાર નેતાઓ - થરૂર, સલમાન ખુર્શીદ, મનીષ તિવારી અને અમર સિંહ - ની પસંદગી સરકારે જ કરી હતી. એવું નથી કે સરકાર દેશનું પ્રતિનિધિત્વ કરતા પ્રતિનિધિમંડળની પસંદગી કરી શકતી નથી, પરંતુ તો પછી પક્ષો પાસેથી નામ માંગવાનું શું વાજબીપણું છે? થરૂરની આંતરરાષ્ટ્રીય બાબતોની સમજણ અંગે કોઈ શંકા નથી, છતાં જ્યારે કોંગ્રેસે તેમના બદલે આનંદ શર્મા, ગૌરવ ગોગોઈ, સૈયદ નાસિર હુસૈન અને અમરિંદર સિંહ રાજાના નામ મોકલ્યા, ત્યારે પ્રશ્નો ઉભા થવા સ્વાભાવિક હતા. એવું માનવું યોગ્ય રહેશે નહીં કે સરકારે થરૂરની પસંદગી ફક્ત તેમની કુશળતાના આધારે કરી હતી, કારણ કે કેટલાક સભ્યો આ માપદંડને પૂર્ણ કરતા નથી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ડીસા જીઆઈડીસી વિસ્તારમાં આજેપણ ફાયર સેફ્ટી વિના ધમધમી રહી છે અનેક ફેક્ટરીઓ

# ડીસા જીઆઈડીસી વિસ્તારમાં ફરી બની આગની ઘટના વહીવટીતંત્રની નિષ્ફળ કામગીરી ઉડીને આંખે વળગી






(ગરવી તાકાત) ડીસા તા.૨૩

ઢુવા રોડ પર ફટાકડાની ફેક્ટરીમાં થયેલ બ્લાસ્ટમાં ૨૨ નિર્દોષ લોકોના થયાં હતાં મોત ઘટના હજું ભુલાઈ નથી ત્યારે આજે ફરીથી પ્રભુ સાબુ પાવડરની ફેક્ટરીમાં આગ લાગી હતી જેમાં પણ ફાયર સેફટીનો અભાવ જોવા મળ્યો હતો નાયબ કલેકટર સહિત.ડીવાયએસપી સાથે વહીવટીતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર છતાં ફાયર સેફટીના નિયમોની પાલન કરાવવા કરી પીછેહઠ.

**ડીસા શહેરમાં ફાયર સેફ્ટીના નિયમોની ખુલ્લેઆમ ઐસીતૈસી જોવા મળી છે જેના પગલે વારંવાર આગની ઘટનાઓ બની રહી છે અને વારંવાર વહીવટીતંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચીને આગને કાબૂમાં લીધાં બાદ ઘટનાઓ ભુલી જાય છે અને હોતી હૈ ચલતી હૈ નીતિ અપનાવામાં મસ્ત જોવા મળે છે ત્યારે શહેરના હિતમાં સૌ પ્રથમ કામગીરી શહેરમાં ફાયર સેફ્ટીને કરવી જોઈએ નહીં તો ફરી ભવિષ્યમાં ફટાકડાની ફેક્ટરીમાં થયેલ બ્લાસ્ટ જેવી ઘટનાઓ અટકાવી શકાય તેમ નથી..**

ડીસા જીઆઈડીસી વિસ્તારમાં ફરી આગની ઘટના બનતાં દોડધામ મચી જવા પામી હતી જીઆઈડીસી વિસ્તારમાંના ભરચક વિસ્તારમાં આવેલ પ્રભુ ગૃહ ઉદ્યોગ નામની સાબુ અને પાવડર બનાવતી ફેક્ટરીમાં અચાનક આગ લાગી હતી. આગના કારણે ફેક્ટરીમાં રાખેલો પેકિંગનો માલ, પ્લાસ્ટિક વેસ્ટ અને બારદાનનો સામાન બળીને ખાખ થયો છે. આગની ઘટનાની જાણ થતાં ડીસા નગરપાલિકાના ફાયર ફાયટરની બે ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી જ્યારે આગની ઘટનાની જાણ થતાં ડીસા નાયબ કલેકટર નેહાબેન પંચાલ, ડીવાયએસપી સી.એલ. સોલંકી, શહેર મામલતદાર સહીત દક્ષિણ પોલીસ સ્ટેશનના પીઆઈ સાથે પોલીસ સ્ટાફ પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતાં ડીસા નગરપાલિકાના ફાયર વિભાગના અધિકારી નરેશ પરમાર અને તેમની ટીમ દ્વારા તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવામાં આવી હતી અને મોટી દુઘટર્ના થતાં અટકાવી હતી જ્યારે

ડીસા.જીઆઈડીસીવિસતારમાં વારંવાર આગની ઘટનાઓ બની રહી છે. તેમ છતાં અહીં ફાયર સેફ્ટી કોઈ સુવિધા ઉપલબ્ધ કરાવામાં આવતી નથી. આજે પ્રભુ સાબુ ફેક્ટરીમાં લાગેલી આગની ઘટનામાં પણ ફેક્ટરીમાં ફાયર સેફટીની વ્યવસ્થા ન હોવાનું ફેક્ટરી માલિક દ્વારા કબુલાત કરવામાં આવી હતી ત્યારે ડીસામાં બનતી આગની ઘટનાનો કોઈ શબક લેવામાં આવતો નથી ત્યારે જીઆઈડીસીમાં ફાયર સેફ્ટી પૂરી પાડતી સાધનોની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો ભવિષ્યમાં આગની ઘટનાના આગને કાબૂમાં લઈ શકાય તેમ છે..

# લીવ ઇનમાં રહેતી પ્રેમિકાના પિતા, ફુવા, ફઈ પ્રેમી પર તૂટી પડ્યા, કરૂણ અંજામ



જામનગર,તા.૨૩

જામનગરમાં લીવ ઈન રિલેશનશીપમાં રહેતા યુવકના અપહરણ-હત્યાનો કેસ સામે આવ્યો છે. વિગતો મુજબ જામનગરમાં તેની પ્રેમિકા સાથે લીવ ઈન રીલેશનશીપમાં રહેતા યુવકનું પ્રેમિકાના પિતા, ફુવા, ફઈ અને ફઈના પુત્રએ સાથે સાથે મળી કાવતરું રચી અપહરણ કર્યું હતું. આ તરફ આશિષ અસ્વારનું અપહરણ કરી ઢોરમાર મારી ફેંકી દીધો હતો. જોકે જી જી હોસ્પિટલમાં ૧૨ દિવસની સારવારના અંતે યુવકનું મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. પોલીસે પ્રેમિકાના પિતા, ફુવા, ફઈ અને ફઈના પુત્રની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર શહેરમાં રહેતા આશિષ અસ્વાર (ઉ.વ.૨૧) નામના યુવકનું ગત્ તા.૭ મેના રોજ અજાણ્યા શખ્સો અપહરણ કરી કનસુમરા નજીક આવેલી અવાવરૂ જગ્યાએ લઈ ગયા હતા. ત્યાં ઢોરમાર મારી ફેંકી દીધો હતો. ત્યારબાદ યુવકને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા જી જી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં બનાવની જાણના આધારે પંચકોષી 'બી' પોલીસ સ્ટેશનનો સ્ટાફ હોસ્પિટલે દોડી ગયો હતો. જ્યાં યુવક બેશુધ્ધ હાલતમાં રહ્યો હતો. પરંતુ યુવકની ૧૨ દિવસની સારવાર બાદમોત નિપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો.

પ્રેમપ્રકરણમાં યુવકની હત્યા નિપજતા પરિવારજનો દ્વારા મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. બનાવના પગલે બ્રહ્મસમાજના આગેવાનો હોસ્પિટલે દોડી ગયા હતા અને મૃતક યુવક ક્રિષ્નાબેન નામની યુવતી સાથે લીવ ઈન રીલેશનશીપમાં રહેતો હોવાનું જાણવા મળ્યું હતું.

યુવકનું અપહરણ થતાં ક્રિષ્નાબેન તેના ફોઈને ફોન પર વાત કરતા હતા ત્યારે સામેથી એવો જવાબ મળ્યો હતો કે, તારા પિતા અને તારા ફુઆ સહિતના આશિષને ઉઠાવી ગયા છે. તારે જે કરવું હોય તે કરી લેજે. જે બાદ સિટી 'સી' ડિવિઝન પોલીસ મથકે દોડી ગયા હતા અને ત્યાં આશિષનું અપહરણ કરી ઢોરમાર મારવા માટે તેના પિતા વિક્રમ કેશવાલા, ફુઆ રામદેવ બોખીરયા, ફૈબા નિરૂબેન બોખીરયા અને વિવેક બોખીરયા સામે ફરિયાદ નોંધાવી હતી. આ હુમલાની ઘટનામાં યુવકનું મોત નિપજતા પોલીસે હત્યાની કલમ ઉમેરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે ફોઈ નિરૂબેન બોખીરયા નામની મહિલાની અટકાયત બાદ પ્રેમિકાના પિતા વિક્રમ કેશવાલા, ફુઆ રામદેવ બોખીરયા અને વિવેક બોખીરયાની અટકાયત કરી રિમાન્ડ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગુજરાતમાં કોરોનાના ૮૦ ટકા કેસ માત્ર અમદાવાદમાં : ૩૧ એકટીવ કેસ




અમદાવાદ,તા.૨૩

મળતી માહિતી મુજબ, મે મહિનામાં જ અમદાવાદમાં કોરોનાના ૩૮ દર્દી નોંધાયા છે. આ પૈકી હાલમાં ૩૧ દર્દી હજુ સારવાર હેઠળ છે. જેના ઉપરથી જ કોરોનાથી સર્જાઈ રહેલી વિકટ સ્થિતિનો અંદાજ આવી શકે છે.

હાલ ગુજરાતમાં કોરોનાના ૮૦ ટકા કેસ માત્ર અમદાવાદથી છે. છેલ્લા ૨૪ કલાક વધુ પાંચ નવા કેસ નોંધાયા છે.

જેમાં ૮૪ વર્ષીય વૃદ્ધ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ૨૦ વર્ષીય યુવતી પણ કોરોના સંક્રમિત છે. શ્વાસની તકલીફ થતાં આ યુવતી હાલમાં સોલા સિવિલ ખાતે ઑક્સિજન હેઠળ છે.

કોરોનાના કેસ વધતાં આરોગ્ય વિભાગે લોકોને સાવધાન રહેવા અપીલ કરી છે.

જરૂર ન હોય તો ભીડભાડવાળા વિસ્તારોમાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

શરદી, ખાંસી અથવા શ્વાસ ચડે તો તુરંત ડોક્ટરનો સંપર્ક કરવો. તબીબોના મતે, હાલ ગુજરાતમાં કોરોનાના કેસો વધુ નથી અને સ્થિતિ નિયંત્રણ હેઠળ છે. તેથી લોકોએ ડરવાની જરૂર નથી.

# અયોધ્યા શહેર બીજી વખત રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવની તૈયારીમાં વ્યસ્ત છે

અયોધ્યા,તા.૨૩

રામ નગરી અયોધ્યામાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. અયોધ્યા ફરી એકવાર ૩ જૂને ભવ્ય ઉત્સવ ઉજવવાની તૈયારીમાં વ્યસ્ત છે. ૩ જૂને રામ મંદિરમાં બીજી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. આ વખતે રામ દરબાર સહિત અન્ય મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. સંબંધિત બાંધકામ કાર્યોની સમીક્ષા બેઠક યોજાશે. સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રા બેઠકમાં હાજરી આપશે.

રામ મંદિરના નિર્માણ અંગે શરૂ થનારી ત્રણ દિવસીય સમીક્ષા બેઠકમાં, કિલ્લાના પહેલા અને બીજા માળ સહિત છ મંદિરોના નિર્માણની પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે. સપ્ત મંડપમના મંદિરોની સમીક્ષા કરવામાં આવશે. રામ મંદિરની લાઈટિંગની પણ સમીક્ષા કરવામાં આવશે. આ ઉપરાંત, રામ મંદિરમાં અવરજવર માટે સીડીઓ પર લગાવવામાં આવેલી રેલિંગ ઉપરાંત, કેટલીક જગ્યાએ પથ્થરો બદલવા અંગે પણ સમીક્ષા કરવામાં આવશે.

રામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા માટે સાધુઓ અને સંતોને બીજી વખત આમંત્રણ આપવામાં આવી રહ્યું છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

**વૃષભઃ** આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

**મિથુનઃ** આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે. શુભ કાર્યોમાં રાત્રિનો સમય વિતાવશો.

**કર્કઃ** આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો અને નિયમોનું પાલન કરો. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

**સિંહઃ** આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે અને સ્થાળાંતરણની યોજના સફળ થઈ શકે છે.

**કન્યાઃ** આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

**તુલાઃ** આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

**વૃશ્ચિકઃ** આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

**ધનઃ** આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

**મકરઃ** આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

**કુંભઃ** આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

**મીનઃ** આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે. કદાચ આજે તમારે પુત્ર અને પુત્રીને લઈને કોઈ મોટો નિર્ણય લેવો પડશે.

## ફિલ્મી ગપશપ

# પ્રિતી ઝિન્ટા પંજાબ કિંગ ઈલેવનના બે સહમાલિક નેશવાડીયા અને મોહિત બર્મન સામે અદાલતમાં

**ઈજીએમ અમાન્ય ગણાવવા સહિતની માંગ : આઈપીએલની આ સિઝનમાં સારો દેખાવ કરી રહેલી ટીમના માલિકો બાખડયા : નવા ડાયરેકટર તરીકે મુકેશ ખન્નાની નિયુક્તિ પણ રદ કરવા માંગ**



ચંદીગઢ, તા.૨૩

૨૦૧૪ બાદ પ્રથમ વખત આઈપીએલમાં પોતાના શ્રેષ્ઠ પ્રદર્શન ભણી આગળ વધી રહેલી પંજાબ કિંગ ઈલેવન ટીમના માલીકો વચ્ચે મતભેદ અદાલતમાં પહોંચ્યા છે. જાણીતી અભિનેત્રી અને પંજાબ કિંગ ઈલેવનમાં ૨૩ ટકાનો હિસ્સો ધરાવતી પ્રિતી ઝીન્ટાએ ચંદીગઢની એક અદાલતમાં ડાયરેકટર મોહીત બર્મન અને નેસ વાડીયા સામે કાનુની કેસ દાખલ કર્યો છે.

તા.૨૧ એપ્રિલના જે રીતે પંજાબ કિંગ ઈલેવનની માલિકી ધરાવતી કંપની કે.પી.એચ. ડ્રીમ ક્રિકેટ પ્રા.લી.ની અસાધારણ સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. તેને ગેરકાનુની જાહેર કરવા તથા કંપનીના બોર્ડમાં મુકેશ ખન્ના નામના એક વ્યક્તિની ડાયરેકટર તરીકેની નિમણુંક રદ કરવા માંગણી કરી છે.

પ્રિતી ઝીન્ટા અને નેસ વાડીયા વચ્ચે એક સમયે નજીકના સંબંધો હતા અને બંને એક યુગલની જેમ જ રહેતા હતા. પરંતુ બાદમાં બંને વચ્ચે થયેલી તકરાર હવે તેમની સંયુક્ત માલિકીની પંજાબ કિંગ ઈલેવનને પણ વિવાદમાં ધસડી રહી છે.

પ્રિતી ઝીન્ટા અને અન્ય એક ડાયરેકટર કરણ પોલ એ ચંદીગઢની એક અદાલતમાં દાખલ કરેલા મુકદમામાં એજીએમને અમાન્ય જાહેર કરવા ઉપરાંત મુકેશ ખન્નાને નવા ચુકાદા સુધી ડાયરેકટર તરીકે કામ કરતા રોકવાની માંગણી કરી છે.

પ્રિતી ઝીન્ટા અને અન્ય ડાયરેકટરે રજુઆત કરી કે તા.૨૧ એપ્રિલની બેઠક કંપની કાનૂન અનુસાર બોલાવવામાં આવી ન હતી અને ૧૦ એપ્રિલે તેણે તેનો વિરોધ કર્યો હતો.

હાલ પંજાબ કિંગ ઈલેવનની ટીમ આઈપીએલમાં પ્લેઓફ માટે કવોલિફાય થઈ છે. ૨૦૧૪ પછી પ્રથમ વખત આ ટીમે ત્રીજુ સ્થાન મેળવ્યુ છે અને ટોચની બે ટીમમાં સ્થાન માટે તે આવતીકાલે જયપુરમાં દિલ્હી કેપીટલ અને ૨૬ના મુંબઈ ઈન્ડીયન સામે ટકરાવાની છે.

### ગુજરાતના ૧૮ સ્ટેશનોનાં વડાપ્રધાનનાં હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણ અંતર્ગત

# મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં પુનઃવિકસિત લીંબડી રેલવે સ્ટેશનનું લોકાર્પણ



ગાંધીનગર,તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્ર નિર્માણ અને તેમના વિઝનના સંકલ્પના પરિણામે દેશને અમૃત સ્ટેશન યોજનાની ભેટ મળી છે. આ યોજનામાં દેશના ૧૩૦૦ થી વધુ સ્ટેશનોનો કાયાકલ્પ કરીને તેનો પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતના ૮૭ સ્ટેશનોનું પણ ૬૩૦૩ કરોડ રૂપિયાના ખર્ચે આધુનિકીકરણ થઈ રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રૂ. ૧૬૪ કરોડના ખર્ચે ગુજરાતના પુનર્વિકસિત થઈ ગયેલા ૧૮ રેલવે સ્ટેશનના વર્ચ્યુઅલ લોકાર્પણ રાજસ્થાનના બિકાનેર ખાતે આયોજીત કાર્યક્રમમાં કર્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમૃત સ્ટેશન યોજનામાં નવીનીકરણ થયેલા લીંબડી સ્ટેશનના લોકાર્પણ અવસરમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશનું સેવાદાયિત્વ સંભાળ્યું ત્યારથી સેનાથી લઈને સામાન્ય માનવીની સુવિધા, સજ્જતા અને સુખાકારી માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિકીકરણને પ્રાથમિકતા આપી છે.

રેલવેનો કાયાકલ્પ, સ્ટેશનોના આધુનિકીકરણ અને યાત્રી સુવિધાના નવતર આયામો આગવા વિઝન અને રાષ્ટ્રનિર્માણ માટેના સંકલ્પ સાથે વડાપ્રધાનએ શરૂ કર્યા છે.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, જો લોકોની સારી સેવા કરવાની ઈચ્છાશક્તિ અને વિકાસની રાજનીતિની પ્રતિબદ્ધતા હોય તો સુશાસન દ્વારા રેલવે સેવાઓમાં કેવા ક્રાંતિકારી પરિવર્તન લાવી શકાય તે વડાપ્રધાનએ દુનિયાને બતાવ્યું છે.

આ સંદર્ભમાં તેમણે ગુજરાતને રેલવે સેવાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મળેલી ભેટની વિગતો આપતા કહ્યું કે, વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં ૨૦૧૪ થી અત્યાર સુધીમાં રાજ્યમાં ૩૧૪૪ કિલોમીટર રેલવે લાઈનનું વિદ્યુતીકરણ થયું છે તે સાથે ગુજરાતમાં ૯૭ ટકા રેલવે રૂટ વિદ્યુતકૃત થઈ ગયા છે.

એટલું જ નહીં, ૨૦૨૫-૨૬માં રેલવે બજેટમાં ગુજરાત માટે ૧૭,૧૫૫ કરોડ રૂપિયા ફાળવાયા છે.

તે અગાઉના ૨૦૦૯ થી ૨૦૧૪ સુધીના સમયમાં ફાળવાયેલા બજેટ કરતા સરેરાશ ૨૯ ગણા છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ચંદુભાઈ શિહોરાએ પ્રાસંગિક ઉદબોધન રેલવેમાં પણ જુદી જુદી આધુનિક સુવિધાઓ અને નવીન ટેકનોલોજી સાથેની ટ્રેનો વિકસાવવામાં આવી રહી છે. વંદે ભારત ટ્રેનો તેનું ઉત્તમ ઉદાહરણ છે.

લીંબડીના ધારાસભ્ય કિરીટસિંહ રાણાએ લીંબડી જેવા નાના તાલુકામાં પણ મોટા શહેર જેવી સુવિધાઓ આપવા બદલ ભારત સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

મુખ્યમંત્રીએ રેલવે સ્ટેશન ખાતે વિકસિત અત્યાધુનિક સુવિધાઓનું નિરીક્ષણ કરી સ્ટેશન અંગેની જાણકારી પણ મેળવી હતી. આ લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, ધારાસભ્ય સર્વે પી. કે. પરમાર,પ્રકાશભાઈ વરમોરા, અગ્રણી સર્વે હિતેન્દ્રસિંહ ચૌહાણ, દિલીપભાઈ પટેલ, શંકરભાઈ દલવાડી, બાબાભાઈ ભરવાડ સહિતના અગ્રણીઓ, પદાધિકારીઓ, જિલ્લા કલેકટર ડો. રાજેન્દ્ર પટેલ,જિલ્લા વિકાસ અધિકારી કે. એસ. યાજ્ઞિક, નાયબ પોલીસ મહાનિરીક્ષક ડો. ગિરીશ પંડ્યા, ડિવિઝનલ રેલવે મેનેજર રવિશકુમાર સહિતના વરિષ્ઠ અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### લીંબડી રેલ્વે સ્ટેશન વર્ચ્યુઅલી લોકાપર્ણ વખતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરી

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાત રાજ્યના ૧૮ સહિત ૧૦૩ અમૃત ભારત રેલ્વે સ્ટેશનોનું ઉદ્ઘાટન

## દરેક સ્ટેશને ગુજરાતની લોકકલા, પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાની ઝલક જોવા મળશે

બિકાનેર, તા.૨૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનના બિકાનેરથી દેશમાં અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ બાંધવામાં આવેલા ૩ રાજ્યોમાં ૧૦૩ અમૃત ભારત રેલ્વે સ્ટેશનોનું ઉદ્ઘાટન કર્યું. મુસાફરોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્યથી આ સ્ટેશનોને ફરીથી ડિઝાઈન કરવામાં આવ્યા છે.

અમૃત ભારત સ્ટેશન યોજના ભારતીય રેલ્વે માળખાગત સુવિધાઓ માટે એક નવા યુગની શરૂઆત છે. સરકારે કહ્યું કે આ યોજના દેશના રેલ્વે સ્ટેશનોને તબક્કાવાર રીતે સુધારવા માટે લાંબા ગાળાની યોજના છે. આ અંતર્ગત, દરેક સ્ટેશન માટે એક વિગતવાર યોજના બનાવવામાં આવી છે.

દેશના ૧૦૩ રેલવે સ્ટેશનના નવીનીકરણમાં ગુજરાતના ડાકોર, કરમસદ, સામખિયાળી, લીંબડી, મોરબી, જામજોધપુર, જામવંથલી, હાપા, સિહોર, પાલિતાણા, રાજુલા, મહુવા, ઓખા, મીઠાપુર, ઉત્તરણ, કોસંબા, ડેરોલ અને કનાલુસ રેલવે સ્ટેશનનો સમાવેશ થાય છે.

રુપિયા ૧૬૦ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવેલા આ સ્ટેશનો સૌંદર્ય શાસ્ત્ર, સુવિધા અને સંસ્કૃતિનું મિશ્રણ દર્શાવે છે. દરેક સ્ટેશન ગુજરાતની લોક કલા,



પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાની ઝલક દર્શાવે છે.

દરેક રેલવે સ્ટેશન આધુનિક સુવિધાઓથી સજ્જ અપગ્રેડેડ સ્ટેશનોમાં ભવ્ય પ્રવેશદ્વાર, ઉચ્ચ-માસ્ટ લાઈટિંગ, આધુનિક વેઈટિંગ હોલ, ટિકિટ કાઉન્ટર, અપગ્રેડેડ શૌચાલય અને અપંગ વ્યક્તિઓ માટે સુલભ રેમ્પ છે. પ્લેટફોર્મ આશ્રયસ્થાનો, કોચ સૂચક પ્રણાલીઓ અને ડિજિટલ માહિતી પ્રદર્શનો પણ સ્થાપિત કરવામાં આવ્યા છે. બધી સુવિધાઓ સમાવિષ્ટ અને સુલભ હોય તે રીતે ડિઝાઈન કરવામાં આવી છે.

લીંબડીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાજર રહેશે લીંબડી રેલવે સ્ટેશન વર્ચુઅલ્લી લોકાપર્ણ વખતે અહીં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાજરી આપશે. આ રેલવે સ્ટેશનની વાત કરીએ તો અહીં પ્લેટફોર્મ નં.૧નું વિસ્તરણ કરીને અહીં ઊંચાઈમાં વધારો કરાયો છે. આ ઉપરાંત ટોઈલેટ બ્લોકસની સ્થાપના, દિવ્યાંગ મુસાફરો માટે વિશેષ સુવિધાઓ, ય્ઁ ભવનનું નિર્માણ, સર્ક્યુલેટિંગ એરિયાનો સુધારો, સુવ્યવસ્થિત પાર્કિંગ ક્ષેત્રનો વિકાસ, પ્રવેશ અને નિકાસ દ્વારનો પુનર્વિકાસ, કોચ ગાઈડન્સ ડિસ્પ્લે બોર્ડ (ઝ્રય્ડ્ઢમ્)ની સ્થાપના, મુસાફરોમાટે જાહેરાત પ્રણાલીને મજબૂત બનાવવી, સ્ટેશનના રવેશનું સૌંદર્યીકરણ, રવેશ લાઈટિંગની વ્યવસ્થા અને સૂચનાત્મક સાઈનબોર્ડની સ્થાપના કરવામાં આવી છે.

ડાકોરમાં ભક્ત બોડાણાની થીમ યાત્રાધામ ડાકોર રેલવે સ્ટેશનની વાત કરીએ તો અહીં દિવ્યાંગ મુસાફરો માટે ખાસ વાહન પાર્કિંગથી માંડી વિશેષ પ્રકારની સુવિધાઓ સાથે ધાત્રી મહિલા મુસાફરો માટે અલગ બેઠક રૂમ અને ઘોડિયાની વિશેષ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત શહેરની આધ્યાત્મિક ઓળખને પ્રતિબિંબિત કરવા માટે સ્ટેશન પરિસરમાં ભગવાન કૃષ્ણની પ્રતિમા અને ભીંતચિત્રો સુંદર રીતે સંકલિત કરવામાં આવ્યા છે.

કરમસદમાં માળખામાં ફરીથી ડિઝાઈન ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મસ્થળ કરમસદ રેલવે સ્ટેશનની વાત કરીએ તો અહીં બિલ્ડિંગને સમકાલીન અને સૌંદર્યલક્ષી રીતે આકર્ષક માળખામાં ફરીથી ડિઝાઈન કરવામાં આવી છે. પ્રવેશદ્વાર પર એક વારસાથી પ્રેરિત મંડપ મુસાફરો માટે છાંયડાવાળી અને સ્વાગત જગ્યા પ્રદાન કરે છે.

સ્ટેશનોની જરૂરિયાતોને આધારે, તેમને તબક્કાવાર તૈયાર કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. ઉદ્દેશ્ય સ્ટેશનોને શક્ય તેટલા સ્વચ્છ, વધુ આરામદાયક અને ઉપયોગમાં સરળ બનાવવાનો છે. આમાં સ્ટેશનોના પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા, વેઈટિંગ રૂમ, શૌચાલય, પ્લેટફોર્મ અને છતમાં સુધારો શામેલ છે. જરૂરિયાત મુજબ લિફ્ટ, એસ્કેલેટર અને મફત વાઈ-ફાઈ જેવી સુવિધાઓ હશે.

આ યોજના શહેરની બંને બાજુઓને સ્ટેશનો દ્વારા જોડવા અને સ્ટેશનોને બસ અને મેટ્રો જેવા અન્ય પરિવહન વિકલ્પો સાથે જોડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેને વિકલાંગ ફ્રેન્ડલી બનાવવા પર ધ્યાન આપવામાં આવ્યું છે.અમૃત ભારત રેલ્વે સ્ટેશનો પર 'વન સ્ટેશન વન પ્રોડક્ટ' હેઠળ સ્થાનિક ઉત્પાદનોનું વેચાણ કરવામાં આવશે. સમગ્ર દેશમાં રેલ્વે સ્ટેશનો પર ડિસ્પ્લે અને વેચાણ આઉટલેટ્સ બનાવીને ભારતના સ્વદેશી અને વિશિષ્ટ ઉત્પાદનો અને હસ્તકલાને પ્રોત્સાહન આપવાનો હેતુ છે.

નવનિર્મિત પ્લેટફોર્મ, સુંદર લેન્ડસ્કેપ, રૂફ પ્લાઝા, કિઓસ્ક, ફૂડ કોર્ટ, ચિલ્ડ્રન પ્લે એરિયા બનાવવાની કલ્પના કરવામાં આવી છે. જેમાં રસ્તા પહોળા કરવા અને સાઈનેજ લગાવવાનો સમાવેશ થાય છે.

અમદાવાદનું મોઢેરા સ્ટેશન સૂર્ય મંદિરથી પ્રેરિત બન્યું છે. દ્વારકા સ્ટેશનથી દ્વારકાધીશ મંદિર સુધી, ઓડિશામાં બાલેશ્વર સ્ટેશન ભગવાન જગન્નાથ મંદિરની પ્રેરણાથી બનાવવામાં આવી રહ્યું છે.

# શબ્દો તો માત્ર વાક્યની શોભા છે,બાકી સમજવા વાળા તો કોરા કાગળ અને મૌન પણ સમજી જાય છે..



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



રાજ્ય સરકારના એકમો પર ઈડી દરોડા ન પાડી શકે.સર્વોચ્ચ અદાલતે તપાસ પર સ્ટે મૂક્યો. ઈડીએ તમામ હદો પાર કરી બંધારણનો ભંગ કર્યો..સર્વોચ્ચ અદાલતનું તારણ.તો રવિવારે કદાચ ગુજરાત ભાજપના નવા પ્રમુખનું નામ જાહેર થાય તેમાં કોનું વાજુ વાગે છે આર એસ એસ કે ભાજપનું? આર એસ એસનું જ વાજું વાગશે તેવું ચોક્કસ મનાય છે.ડૉ.વાજા ? આજની શરૂઆત આવા વાક્યથી કેમ કરી તો ધર્મ એ જીવન જીવવાની કળા છે.ધર્મ ગ્રંથો સ્થાનોએ પૃથ્વીલોક ના જીવસૃષ્ટિને શાંતિ સુમાર્ગની દિશા બતાવે છે. હમણાં હમણાં ઈડીના જયાં ત્યાં દરોડા ધરપકડના સમાચારો અને વાતો થાય ત્યારે સર્વોચ્ચ અદાલતે જે નિરીક્ષણ કર્યુ તે યોગ્ય લાગે છે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો શક્તિ ક્ષીણ થાય ત્યારે કામ જાય તેમાં શું ગઢ જીત્યો?કોઈ ગણકારે નહીંત્યારે ડોસાનો ક્રોધ જાય તેમાં શુંનવાઈ? પણ આ લોભ છેવટે વૃદ્ધાવસ્થા માં પણ છૂટતો નથી. વૃદ્ધાવસ્થામાં ડહાપણ ઘણાને આવે છે,પણ જુવાનીમાં જે ડાહ્યો થયો તે સાચો ડાહ્યો થયો કહેવાય લોભ વગેરેના ફેલાવાથી પૃથ્વી દુ:ખરૂપી સાગરમાં ડૂબી હતી સત્કર્મમાં વિઘ્ન કરનાર લોભ છે, માટે લોભને સંતોષથી મારજો. લોભ સંતોષથી મરે,માટે સંતોષ કેળવો વરાહ ભગવાનએ સંતોષ નો અવતાર છે.

વરાહાવતાર એ યજ્ઞાવતાર છે. વર=અહ એટલે શ્રેષ્ઠ દિવસ. શ્રેષ્ઠ દિવસ કયો?જે દિવસે તમારા હાથે સત્કર્મ થાય તે.શ્રેષ્ઠ કર્મ કરો એટલે દિવસ શ્રેષ્ઠ બનશે જે કાર્યથી પ્રભુ પ્રસન્ન થાયએ સત્કર્મ છે.સત્કર્મને યજ્ઞ કહે છે સત્કર્મમાં વિઘ્ન કરનારો હિરણ્યા ક્ષ છે એટલે કે લોભ છે.વરાહ ભગવાને પૃથ્વી જે સમુદ્રમાં ડૂબેલી હતી તેને સમુદ્રમાંથી બહાર કાઢી પરંતુ પૃથ્વીને પોતાની પાસે રાખી નથી.પૃથ્વી મનુને એટલે મનુષ્યોને સોંપી જે પોતાની પાસે આવ્યું તે બીજા ને આપી દીધું.આ સંતોષ છે. વરાહ ભગવાન યજ્ઞના દૃષ્ટાંત રૂપ છે. યજ્ઞ કરવાથી ચિત્ત શુદ્ધિ થાય છે. લોભ વગેરેનો નાશ કરી ચિત્તશુદ્ધિ કરવાની છે. ચિત્તશુદ્ધિ થયા પછી બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થાય છે. યજ્ઞ પૂર્વક જીવન જીવો એટલે જ્ઞાન મળશે.યજ્ઞાવતાર વગર જ્ઞાનાવ તાર થતો નથી. કપિલદેવ આવતા નથી.

અજ્ઞાનને દૂર કરવા યજ્ઞ કરવો. સત્ય બોલવું એ પણ યજ્ઞ છે.કર્મ એ ચિત્તશુદ્ધિ માટે,ભક્તિએ મન ની એકાગ્રતા માટે છે.જીવનમાંકર્મ ઉપાસના અને જ્ઞાનએ ત્રણેયની જરૂર છે.કર્મથી ચિત્ત શુદ્ધિ થયા પછી બ્રહ્મ જિજ્ઞાસા થાય છે. દહાડે દહાડે હિરણ્યાક્ષનો લોભ વધે છે.એક વખત હિરણ્યાક્ષ પાતાળમાં ગયો. વરુણ સાથે લડવા તૈયારી કરી. વરુણે કહ્યું,તું વરાહનારાયણ સાથે યુદ્ધ કર.

હિરણ્યાક્ષ વરાહ ભગવાન પાસે આવ્યો. તે વરાહ ભગવાનને કહે, તું ડુક્કર જેવો છે. વરાહનારાયણ હિરણ્યાક્ષને કહે,તું કૂતરા જેવોછે

બોલાચાલીમાં મારામારી થાય છે. સર્વ પાપનું મૂળ વાણી છે. મનનો દોષ વાણી દ્વારા પ્રગટ થાય છે.

મુષ્ટિપ્રહાર કરી વરાહ ભગવાને હિરણ્યાક્ષનો વધ કર્યો અને પૃથ્વી નું રાજય મનુ મહારાજને આપ્યુંને આજ્ઞા કરીકે,ધર્મથી પૃથ્વીનુંપાલન કરો.પછી વરાહ ભગવાન બદરિ નારાયણ સ્વરૂપમાં લીન થયા સમાજને સુખી કરવો તે મનુષ્ય માત્રનો ધર્મ છે.આ વાત વરાહ ભગવાને પોતાના આચરણ થી મનુષ્યોને શીખવી છે.

મનુષ્યનો જીવનમાં લોભ છે ત્યાં સુધી પાપ છે અને પાપ છે ત્યાં સુધી ધર્મ નથી.લોભને મારવા વરાહ નારાયણના ચરણોનો આશ્રય કરજો.બુદ્ધિનો ઉપયોગ કેવળ અર્થોપાર્જન કરવા માટે ન કરો. તેનો ઉપયોગ ઈશ્વરોપાસના માટે પણ કરો,નહીંતર પેલા ઝવેરી ઓ જેવી દશા થશે.

એક વખત એક રાજાના દરબાર માં એક ઝવેરાત આવ્યો.તેની પાસે એક હીરો હતો.આ હીરાની કિંમત કરવામાટે તમામ ઝવેરીઓ ને ભેગા કરવામાં આવ્યા દરેકેએ હીરાની કિંમત જુદી જુદી આંકી. રાજા નિરાશ થયો. તેવામાં એક ઝવેરી આવ્યો.હીરાની કિંમત નવ્વાણું લાખ રૂપિયા બતાવી. રાજાએ પૂછ્યું, એક કરોડમાં એક લાખ ઓછા શા માટે?વૃદ્ધ ઝવેરી એ બીજા સો હીરા મંગાવી પેલા હીરાની આજુબાજુ ગોઠવી દીધા. તે હીરાની ચમક સોમાંથી નવ્વાણું હીરા પર પડી પણ એક હીરા પર ન પડી.વૃદ્ધ ઝવેરીએ કહ્યું,આટલા માટે મેં એની કિંમત એક લાખ રૂપિયા ઓછી આંકેલી.રાજા ખુશ થઈ કહે છે,મંત્રીજી,ઝવેરીને ઈનામ આપો તે વખતે ત્યાં એક મહાત્મા બેઠેલા હતા, તેણે ઊભા થઈ કહ્યું કેએ ઝવેરીના માથા ઉપર રાખ નાખોએ કેવળ મૂર્ખ છે મહાત્માને એનું કારણ પૂછવામાં આવ્યું.મહાત્મા એ કહ્યું,ઝવેરીએ ભગવાને આપેલી બુદ્ધિનો ઉપયોગ કેવળ પથરાની કિંમત કરવામાં કર્યો છે. ઈશ્વરનું ભજન કરવા માટે કર્યો નથી.જે બુદ્ધિનો ઉપયોગ તેણે પથરાને ઓળખવા માટે કર્યો તે બુદ્ધિનો ઉપયોગ ઈશ્વરઓળખવા માટે કર્યો હોત તો તેનો ઉદ્ધાર થઈ જાત ભલે તેને તમે ડાહ્યો માનો.હું તેને મૂર્ખ માનું છુંમનુષ્યનાશરીરમાં નવ છિદ્રો છે.તે વાટે જ્ઞાન બહાર નીકળી જાય છે. ઈન્દ્રિયોમાંથી જ્ઞાન બહાર ન નીકળી જાય તે માટે ઈન્દ્રિયોને ઈશ્વરને માર્ગે વાળો ઈન્દ્રિયોનો નિરોધ કરી ઈન્દ્રિયોને પ્રભુ માર્ગમાં વાળો.

તૃતીય સ્કંધમાં બે પ્રકરણો છે:પૂર્વ મિમાંસા અને ઉત્તર મિમાંસા. પૂર્વ મિમાંસામાં વરાહ નારાયણની અવતારની કથા કહી છે.ઉત્તર મિમાંસામાં કપિલ નારાયણના ચરિત્રનું વર્ણન કર્યુ છે.યજ્ઞ કર્યા વગર કપિલ નારાયણની વિદ્યા બુદ્ધિમાં સ્થિર થતી નથી.કાયા, વાણી,મનથી કોઈને દુભાવવું નહીં તે યજ્ઞ છે.સત્ય બોલવું તે પણ યજ્ઞ છે. સદાસર્વદા પ્રસન્ન રહેવુંએ પણ યજ્ઞ છે.યજ્ઞ વિના,સત્કર્મ વિના ચિત્તશુદ્ધિ થતી નથી અને ચિત્ત શુદ્ધિ વગર જ્ઞાન ટકતું નથી. માનવ શરીરએ ઘડો છે.આ ઘડાને નવ છિદ્રો છે.ઘડામાં છિદ્રો હોય તો ઘડો ભરાય નહીં.એક-એક છિદ્રમાંથી અનેક વખત વિકાર વાસનાના વેગમાં જ્ઞાનવહી જાય છે.જ્ઞાન થવું એ અઘરું નથી પણ આવેલું જ્ઞાન ટકતું નથી.જ્ઞાનને ટકાવવા ઈન્દ્રિયોમાંથી વહી જતી બુદ્ધિ શક્તિને અટકાવવાની છે. જ્ઞાનીઓ ઈન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવે છે.ત્યારે વૈષ્ણવો તેને પ્રભુના માર્ગમાં વાળે છે. આજે જ્ઞાન બધું પુસ્તકમાં રહ્યું છે મસ્તકમાં રહ્યું નથી.પુસ્તકોની પાછળ પડે એ વિદ્વાન અને પ્રભુ પ્રેમમાં પરમાત્મા ની પાછળ પડેતે સંત.વિદ્વાનશાસ્ત્ર પાછળ દોડે છે ત્યારે શાસ્ત્ર સંતની પાછળ દોડે છે.શાસ્ત્રો વાંચીને જે બોલે તે વિદ્વાન પ્રભુને રિઝવીને પ્રભુપ્રેમમાં પાગલ થયેલો જે બોલે તે સંત.

ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે, હૃદયમાં સાત્ત્વિક ભાવ જાગે, મન શુદ્ધ થાય, એટલે હૃદયમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે.મીરાં બાઈ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયાં નથી.તુકારામ મહારાજ પણ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયા નથી.જ્ઞાનનો શત્રુ છે હિરણ્યાક્ષ. ભાગવતમાં જે અવતારનો ક્રમ બતાવ્યો છે તેમાં પહેલાં હિરણ્યા ક્ષનો વધ, પછી કપિલ ભગવાન આવે છે.તમારા મનને પૂછશો કે ઈશ્વરે મને જે સંપત્તિ-સુખઆપ્યાં છે તેને હું લાયક છું કે નહીં?તો જવાબ મળશે કે લાયક નથી. એટલા માટે થાય છે કે, મનુષ્ય માને છે કે પ્રભુએ મને ઓછું આપ્યું છે.સ્વયં ભુવ મનુની રાણીનું નામ શતરૂપા.મનુ મહા રાજને ત્યાં બે બાળકો થયાં તેમનાં નામો પ્રિયવ્રત અને ઉત્તાન પાદ.ત્રણ કન્યાઓ થઈ તેમનાં નામો આકૃતિ દેવહૂતિ તથા પ્રસૂતિ તેમાં આકૃતિ રુચિને,દેવ હુતિ કર્દમને અને પ્રસૂતિ દક્ષને પરણાવી દેવહુતિનું લગ્ન કર્દમ ઋષિ સાથે થયું હતું. તેમને ત્યાં કપિલ ભગવાન પધાર્યા. વિદુરજી પ્રશ્ન કરે છેકે,હે મૈત્રેયજી આ કપિલ ભગવાનની કથા મને કહો.

મૈત્રેયજી કહે છે,કપિલ બ્રહ્મજ્ઞાન નું સ્વરૂપ છે.કર્દમ થશો તો તમારે ઘરે કપિલ આવશે.કર્દમ એટલે કરદમ.ઈન્દ્રિયોનું દમન કર. ઈન્દ્રિયોનું દમન કરેએ કર્દમ.કર્દમ એટલે જિતેન્દ્રિય શરીરમાં સત્ત્વ ગુણની વૃદ્ધિ થાય એટલે આપો આપ જ્ઞાનનો ઝરો ફૂટે છે,જ્ઞાન પ્રગટે છે.જ્ઞાનનીપ્રાપ્તિ શરીરમાં સત્ત્વ ગુણ વધવાથી થાય છે. સત્ત્વગુણ શુદ્ધ આહાર,શુદ્ધ આચાર,શુદ્ધ વિચાર થી વધે છે. સંયમથી-સદાચારથી સત્ત્વ ગુણ વધવાથી અંદરથી જ્ઞાન સ્ફુરણ થાય છે.જીભ સુધરે તો જીવન સુધરે છે.લૂલી માગે તે તેને આપશો નહીં.બે-ચાર મિનિટમાં ઊંઘ આવશે એમ લાગે ત્યારે જ પથારીમાં પડો. વ્હાલા વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત..ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે હદય મનને શાંતિ મળે તેવી વાત રજુ કરવા પ્રયત્ન કરીએ છીએ અસ્તુ.

## વર્કશોપમાં ભાગ લેવા ઓનલાઈન પધ્ધતિથી ૧૨૮ જેટલી અરજીઓ આવી

# આંતરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ - ૨૦૨૫ : થોળ પક્ષી અભયારણ્ય ખાતે રેપીડ એસેસમેન્ટ ઓફ બાયો ડાયવર્સીટી વર્કશોપ યોજાયો





(ગરવી તાકાત) કડી તા.૨૩

ગતરોજ ૨૨ મે ૨૦૨૫ ના રોજ વૈશ્વિક સ્તરે આંતરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ તરીકેની ઉજવણી કરવામાં આવી હતી. જેના અનુસંધાને થોળ પક્ષી અભયારણ્ય ખાતે વન્યજીવ વર્તુળ, ગાંધીનગર અને વન્યજીવ વિભાગ, સાણંદના ઉપક્રમે WCB ફાઉન્ડેશન તથા સેન્ટર ઓફ એકસીલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ, જુનાગઢના સહયોગથી રેપીડ એસેસમેન્ટ ઓફ બાયો ડાયવર્સીટી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં થોળ અભયારણ્યની જૈવ-વિવિધતા બાબતે ટેકનીકલ સેશન તથા ફિલ્ડ વર્કનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

તેમજ વર્કશોપમાં થોળ પક્ષી અભયારણ્યની જૈવ વિવિધતા, રેપીડ એસેસમેન્ટ કરવાની પધ્ધતિ, તેનાથી થતા લાભ, થોળ અભયારણ્યની જૈવ વિવિધતા સામેનાં પડકાર વગેરે અંગે પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

રેપીડ એસેસમેન્ટ ઓફ બાયો ડાયવર્સીટી વર્કશોપમાં ભાગ લેવા ઓનલાઈન પધ્ધતિથી અરજીઓ મંગાવવામાં આવી હતી. જે થકી ગુજરાત (૧૦૨), મહારાષ્ટ્ર(૧૦), છતીસગઢ (૨), રાજસ્થાન (૨), આંધ્રપ્રદેશ(૧), દિલ્હી(૧), ગોઆ(૧), હિમાચલ પ્રદેશ (૧) જેવા રાજયમાંથી રીસર્ચર, નેચરાલીસ્ટ, સાયન્સ ગ્રેજયુએટ એન્ડ પોસ્ટ ગ્રેજયુએટ, લો ગ્રેજયુએટ, પી.એચ.ડી. સ્કોલર, વેટનરી ગ્રેજયુએટ તથા વન વિભાગના ફ્રન્ટ લાઈન સ્ટાફ વગેરે મળી કુલ ૧૨૮ જેટલી અરજીઓ આવેલી હતી. જે પૈકી ૫૦ ની પસંદગી કરવામાં આવી હતી.

રેપીડ એસેસમેન્ટ ઓફ બાયો ડાયવર્સીટી વર્કશોપમાં વન્યપ્રાણી વર્તુળ, ગાંધીનગરના મુખ્ય વન સંરક્ષકશ્રી ડૉ. કે. શશીકુમાર, વન્યજીવ વિભાગ, સાણંદના નાયબ વન સંરક્ષકશ્રી ડૉ. ધવલ ગઢવી, સેન્ટર ઓફ એકસીલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ, જુનાગઢથી ડૉ. નિશિથ ધારૈયા, આસીસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદથી ડૉ. ગૌરાંગભાઈ, ડિરેકટર, WCB, પાટણ, ડૉ.પ્રતિક દેસાઈ, નેચરાલીસ્ટ શ્રી કન્દર્પ કાત્સુ, ભાગ્યશ્રીબેન ડાંગર, મયંક જુડાલ સહિત પદાધિકારીઓ હાજર રહ્યા હતાં.

## સાબરકાંઠા જિલ્લાનો વહિવટી તંત્ર દ્વારા પ્રિ-મોન્સૂન એકશન પ્લાન તૈયાર

# પુર વાવાઝોડા તથા અન્ય જોખમો અંગે પૂર્વ તૈયારીના ભાગરૂપે ડીઝાસ્ટર મેનેજમેન્ટ અપડેટ કરવાની કામગીરીની સમીક્ષા

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૩

પુર વાવાઝોડા તથા અન્ય જોખમો અંગેની પૂર્વ તૈયારીના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લા ડિઝાસ્ટર વિભાગ દ્વારા પ્રિ-મોન્સૂનના આયોજન અંગેની બેઠક જિલ્લા સમાહર્તા શ્રી લલીત નારાયણ સિંધ સાંદુની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે યોજાઇ હતી.

જેમાં દરેક તાલુકાના તાલુકા ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન મામલતદાર ધ્વારા ,શહેરી વિસ્તારના સીટી ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન ચીફ ઓફિસર ધ્વારા અને વિલેજ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન ટીડીઓ ધ્વારા અપડેટ કરવાની કામગીરી હાથ ધરવા કલેકટર શ્રી જણાવ્યું હતું. જેમાં જીલ્લા ના દરેક વિભાગોના ડીઝાસ્ટર પ્લાન તૈયાર કરવા ભાર આપ્યો હતો.



બેઠક દરમિયાન સિંચાઈ વિભાગ ધ્વારા વાયરલેસ થી દર બે કલાકે સ્થિતિની જાણકારી આપવા અને પોશીના ,ખેડબ્રહ્મા અને વિજયનગર જેવા તાલુકાઓમાં માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઈ વિભાગ કોઝ વે પર ઊંડાઈ દર્શાવતા બોર્ડ મુકવા જણાવ્યું હતું. નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે પર મોટા વૃક્ષોની ડાળીયો કાપવા, હોડિંગ્સ હટાવવા, વીજ પોલ ચેક કરી લેવા જણાવ્યું હતું. તેમણે મામલતદારોને દરેક ગામોની ૧૦ વ્યક્તિઓની સંપર્ક સૂચી તૈયાર કરવામાં અને જીલ્લા મત્સ્યઉદ્યોગ વિભાગ તાલુકા મામલતદાર ને બોટો અંગેની અધતન માહિતી પૂરી પાડવા જણાવ્યું હતું જિલ્લાના ૧૭૪ નદી કિનારાના ગામો અને ૧૬૭ ડિપો પર ખાસ બંદોબસ્ત રાખવા, તરવૈયાનું લીસ્ટ , ગામના તળાવોની સ્થિતિ- રિપેરીંગ પાળા બાંધવા, સાધનોની વિગત સહિતની તમામ માહિતી ઉપલબ્ધ હોય તે જરૂરી ગણાવ્યું હતુંદરેક નગરપાલિકાના ફાયર બ્રિગેડ ધ્વારા આપ્દામીત્રોને સાથે રાખી ક્વિક રિસ્પોન્સ ટીમ બનાવાય તેમ ભારપૂર્વક જણાવ્યું હતું. જયારે ચોમાસા પહેલા દરેક તાલુકા કક્ષાએ લાયઝન અધિકારી ધ્વારા મોકડ્રીલ યોજીને સતર્કતા દાખવાની કામગીરી કરવા જણાવ્યું હતું આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરા, નિવાસી અધિક કલેક્ટરશ્રી કિષ્ના વાઘેલા, પ્રાંત અધિકારીશ્રીઓ, તમામ મામલતદાર-તાલુકા વિકાસ અધિકારી, ચીફ ઓફિસર સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગરના સવગઢ ખાતે કલેક્ટરના હસ્તે જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી

# સાબરકાંઠા જિલ્લાનાં નવીન મકાન 'ગૌરવ સેનાની ભવન'નો ઉદઘાટન સમારોહ યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૩

સાબરકાંઠા જિલ્લામાં ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા હિંમતનગર શહેરના સવગઢ ખાતે જિલ્લા કલેકટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુના હસ્તે જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી સાબરકાંઠાનાં નવીન મકાન ×ગૌરવ સેનાની ભવન''નો ઉદઘાટન સમારોહ યોજાયો હતો.



આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુએ જણાવ્યું હતું કે રાષ્ટ્રની રક્ષામાં પોતાના પ્રાણની આહુતી આપવા હંમેશાં તત્પર આપણા શૂરવીર સૈનિકો પ્રત્યેનું ઋણ અદા કરવા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ ડાયરેકટરેટ કાર્યરત છે. રાષ્ટ્ર કાજે પોતાનું સર્વોચ્ચ બલીદાન આપનાર શહીદ સૈનિકોના પરિવાર જનોની તથા વીરતા ભરી ફરજ બજાવતા શારીરિક ક્ષતિગ્રસ્ત થયેલ સૈનિકો અને રાષ્ટ્રની સશસ્ત્ર સેનાઓમાં પોતાની યુવાનીનું અમુલ્ય યોગદાન આપી સેવા નિવૃત્ત થતા સૈનિકો તથા તેઓના પરિજનો માટેની કલ્યાણ અને પુનર્વસવાટ યોજનાઓના અમલીકરણની જવાબદારી સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ ડાયરેકટરેટના શિરે હોય છે. સૈનિક એ દેશનો એક અનમોલ ખજાનો છે. તેઓ રાત-દિવસ એક કરીને દેશની સરહદોની રક્ષા કરે છે. સૈનિકો દેશની એકતા અને અખંડિતતા માટે કામ કરે છે. દેશની આંતરિક શાંતિ અને સુરક્ષા જાળવતા સૈનિકોના બલિદાનને ક્યારેય ભૂલી શકાય એમ નથી.

આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી શ્રી કલ્પેશ ચૌધરી, માજી સૈનિક પ્રમુખશ્રીઓ, કલ્યાણ વ્યવસ્થાપકશ્રી બિરુદ ગોસ્વામી,દાતાશ્રી ગોપાલસિંહ રાઠોડ તેમજ જિલ્લાના પૂર્વ સૈનિક તથા દિવગંત સૈનિકોના ધર્મ પત્ની તેમજ પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠા જિલ્લામાં કોરોનાનો કેસ નોંધાયો

# બનાસ જનરલ હોસ્પિટલ તંત્ર સંતર્ક, ૨૦ બેડની ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ

### ઓક્સિજન અને વેન્ટિલેટરની વ્યવસ્થા કરાઈ




(ગરવી તાકાત) પાલનપુર તા.૨૩

પાલનપુર સ્થિત બનાસકાંઠા જિલ્લામાં ગઈકાલે કોરોના વાયરસનો પ્રથમ કેસ નોંધાયો હતો. બનાસ જનરલ હોસ્પિટલમાં એક દર્દીનો RT-PCR ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ તંત્રએ તાત્કાલિક પગલાં લીધા છે.

હોસ્પિટલમાં ૨૦ બેડની વિશેષ ઈમરજન્સી સુવિધા ઊભી કરવામાં આવી છે. દરેક બેડ પર ઓક્સિજન અને વેન્ટિલેટરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ વ્યવસ્થા ભવિષ્યમાં સંક્રમણ વધવાની સ્થિતિમાં દર્દીઓને તાત્કાલિક સારવાર આપવા માટે કરવામાં આવી છે.

જિલ્લા આરોગ્ય વિભાગે તમામ PHC અને CHCને સતર્ક રહેવા સૂચના આપી છે. તમામ આરોગ્ય કેન્દ્રોને કોરોના સંક્રમણ વધવાની સ્થિતિમાં તૈયાર રહેવા જણાવવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

## સિંદૂર સન્માન યાત્રાનું અમદાવાદથી દિલ્હી તરફ પ્રયાણ

# ૨૦ વાહનોની યાત્રા ૨૨ સ્થળોએ રોકાશે, ઈન્ડિયા ગેટ પર થશે સમાપન; પાલનપુરમાં સ્વાગત કરાયું



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૩

ઓપરેશન સિંદૂરને બિરદાવવા માટે અમદાવાદથી દિલ્હી સુધીની વિશેષ યાત્રાનો પ્રારંભ થયો છે. આ યાત્રામાં ૨૦ જેટલા વાહનો જોડાયા છે. દરેક વાહન પર ઓપરેશન સિંદૂરની છબી અંકિત કરવામાં આવી છે. જેનું પાલનપુરમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

યાત્રા દરમિયાન ચાર રાજ્યોમાંથી પસાર થતી આ યાત્રા ૨૨ વિવિધ સ્થળોએ રોકાણ કરશે. યાત્રાના માર્ગ પર આવતા નાના ગામોમાં પણ રોકાણ કરી યુવાઓ ઓપરેશન સિંદૂરનું મહત્વ સમજાવશે. યાત્રાનું સમાપન દિલ્હીના ઈન્ડિયા ગેટ ખાતે થશે. ત્યાં યુવાઓ સિગ્નેચર કેમ્પેઈનનું આયોજન કરશે.

પાલનપુર એરોમા સર્કલ ખાતે યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

સ્વાગત સમારોહમાં સોળ ગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળના પ્રમુખ રમેશભાઈ પટેલ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અમરતભાઈ જોષી અને બનાસકાંઠા જિલ્લા યુવા મોરચાના પ્રમુખ સાગરભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કોર્પોરેટર રાજુભાઈ, પૂર્વ કોર્પોરેટર વિપુલભાઈ રાવલ, ગૌરાંગભાઈ પાધ્યા, નગરપાલિકા પાલનપુરના ચેરમેન કૌશલભાઈ, જીગરભાઈ મહેશ્વરી, હરેશભાઈ, પી.આઈ મારું સાહેબ અને પોલીસ સ્ટાફે પણ યાત્રાનું સ્વાગત કર્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### પાકિસ્તાન બહુ જીવી ગયું:હવે સમય આવી ગયો છે,સીએમ યોગી

લખનૌ,તા.૨૩

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે આ એક નવું ભારત છે જે કોઈને છેડતું નથી અને જો કોઈ છેડશે તો તેને છોડતું નથી. હનુમાનજીએ પણ આ જ કામ કર્યું હતું. જ્યારે લંકામાં હનુમાનજીને રાવણ સમક્ષ રજૂ કરવામાં આવ્યા ત્યારે રાવણે તેમને આ પ્રશ્ન પૂછ્યો કે તમે મારા પુત્ર (અક્ષય કુમાર) ને કેમ માર્યો? ત્યારે હનુમાનજીએ જવાબ આપ્યો હતો કે મેં હત્યા નથી કરી. મેં હમણાં જ જવાબ આપ્યો અને તે મરી ગયો.

મુખ્યમંત્રીએ કહ્યું કે આ ભારતીય દળો દ્વારા કરવામાં આવેલ કાર્ય હતું. તેમણે પાકિસ્તાન પર હુમલો કર્યો નહીં પરંતુ આતંકવાદના કાયર કૃત્યોનો જવાબ આપ્યો. આતંકવાદીઓએ ૨૪ નિર્દોષ ભારતીય નાગરિકોની હત્યા કરી હતી જ્યારે ભારતીય દળોએ ૧૨૪ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. શુક્રવારે અયોધ્યાના હનુમાનગઢી ખાતે હનુમાન કથા મંડપમનું ઉદ્ઘાટન કર્યા પછી મુખ્યમંત્રી યોગી સંબોધન કરી રહ્યા હતા.તેમણે કહ્યું કે પાકિસ્તાન હવે ૭૫ વર્ષ સુધી પોતાનું સંપૂર્ણ જીવન જીવી ચૂક્યું છે. હવે આનો અંત આવશે. સમય આવી ગયો છે. આપણા એક પૂજ્ય સંતે ભવિષ્યવાણી કરી હતી કે પાકિસ્તાનનો નાશ થશે. પાકિસ્તાનને તેના કાર્યોની સજા મળશે.

### પાટણ ચાણસ્મા હાઇવે પર ટ્રકે બાઇકને ટક્કર મારતા ગર્ભવતી મહિલાનું મોત



પાટણ,તા.૨૩

પાટણ ચાણસ્મા હાઈવે પર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ટ્રકે બાઈકને ટક્કર મારતા ગર્ભવતી મહિલાનું ઘટનાસ્થળે મોત થયું હતું. બાઈક પર પરિવાર સેઢાલ જી રહ્યો હતો ત્યારે અકસ્માત થયો હતો.

અકસ્માતની ઘટનાના પગલે સ્થાનિકો દોડી આવ્યા હતા. તેઓએ તરત જ ૧૦૮ને બોલાવી હતી. ૧૦૮એ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર કરાવી હતી અને તેને ચાણસ્મા હોસ્પિટલ લઈ ગયા હતા. તેના કારણે પુત્રનો આબાદ બચાવ થયો હતો. મૃતક મહિલાનું કાજલબેન હોવાનું જાણવા મળ્યું હતું. આમ ટ્રકની એક ટક્કરે કુટુંબનો માળો વિખેરી નાખ્યો હતો. અકસ્માતની વધુ એક ઘટના રાજકોટ ખાતે બની હતી. રાજકોટના ઉપલેટામાં મોડી રાત્રે અકસ્માતની ઘટના બની હતી. તેમા ડુમિયાણી ગામ પાસે હાઈવે નંબર ૨૭ પર અકસ્માત સર્જાયો તો. ઉપલેટાથી સુપેડી જઈ રહેલ બાઈક ચાલકને અકસ્માત થયો હતો. સુપેડી ગામનો બાઈક ચાલક નિલેશ ભાલોડિયા ઈજાગ્રસ્ત થયો હતો. ટોલ પ્લાઝાની એમ્બ્યુલન્સમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ઈજાઓ ગંભીર હોવાના પગલે તેને ઉપલેટા કોટેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત અરવલ્લી જિલ્લામાં બાયડ જીતપુર ચોકડી પાસે અકસ્માત થયો હતો. ટેમ્પો અને મોપેડ વચ્ચે અકસ્માત થયો હતો. ટેમ્પો ચાલકે એક્ટિવા ચાલકને ટક્કર મારી હતી. એક્ટિવા ચાલક મહિલા આંબલિયારાની પોલીસ કર્મચારી હતી. એક્ટિવાને ટક્કર મારી ટેમ્પો બાજુના ખાડામાં ખાબક્યો હતો. એક્ટિવાને ટક્કર મારી ટેમ્બો બાજુના ખાડામાં ખાબક્યો હતો. તેના લીધે ટેમ્પોમાં સવાર બે સહિત ત્રણને ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે બાયડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### વડોદરામાં લગ્નની લાલચ આપી વિધર્મીએ દોઢ વર્ષ સુધી સગીરા પર આચર્યું દુષ્કર્મ!

વડોદરા,તા.૨૩

વડોદરામાં દોઢ વર્ષ સુધી લગ્નની લાલચ આપી વિધર્મીએ સગીરા સાથે દુષ્કર્મ આચરતાં પોલીસે આરોપી સહિત ૩ લોકોની ફરિયાદ નોંધી છે. કપુરાઈ પોલીસે ત્રણેય સામે પોક્સો હેઠળ ગુનો નોંધ્યો છે. તેમજ આરોપીઓની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



વડોદરા શહેરમાં વધુ એક કથિત લવ જેહાદનો કિસ્સો સામે આવ્યો છે. દોઢ વર્ષ સુધી લગ્નની લાલચ આપી સગીરા સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. સગીરાને ધર્મ પરિવર્તન કરવા સાહેલ પઠાણ દબાણ કરતો હતો. આરોપી સાહેલ પઠાણે સગીરાને મારઝૂડ શરૂ કરતા કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી છે. આજવા રોડ પર રહેતા સાહેલ પઠાણ સહિત ૩ની ધરપકડ કરી છે. પોલીસે દુષ્કર્મ મામલે અન્ય બે મદદગાર વિધર્મીની પણ ધરપકડ કરી છે. મદદગાર ફઈમ અફીમવાલા અને જુનેદ મલેક પણ પોલીસ પકડમાં આવ્યો છે. કપુરાઈ પોલીસે ત્રણેય આરોપીઓ સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

સગીરા ૧૭ વર્ષની હતી ત્યારે આરોપીએ દુષ્કર્મ ગુજાર્યું હતું.અગાઉ વડોરાનાં શહેરના માંજલપુરમાં ધોરણા ૧૨માં અભ્યાસ કરતી સગીરા દુષ્કર્મનો ભોગ બની હતી. સગીરાને વિધર્મી યુવક દ્વારા વારંવાર હેરાનગતિ કરવામાં આવી હતી. માંજલપુરના ગરબા મેદાનમાં સાથે ગરબા રમવા અને ફોટો પડાવવા વિધર્મી યુવક સગીરાને ટોર્ચર કરતો હતો. સગીરાની માતાએ મકરપુરા ગામના વાજીદશા દિવાન સામે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી. આ ફરિયાદ મુજબ આરોપી વાજીદશા દિવાને સગીરાને ગયા મહિને બે વખત મિત્રના ઘરે લઇ જઇને જબરદસ્તીથી દુષ્કર્મ આચર્યું હતું. માંજલપુરમાં સાથે ગરબા રમવા અને ફોટો પડાવવા વિધર્મી યુવક સગીરાને ટોર્ચર કરતો હતો.

Volume : 11 Issue : 40 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002